રેગ્યુલર દિવાની દરખાસ્ત નંબર – ૭૧–૨૦૨૨ ના કામમાં આંક – ૧ લગત હુકમ.

(૧) હાલ ની દરખાસ્ત ડી.એચ હોલ્ડર ના એ જે.ડી વિરુધ્ધ રૂ ૧૮,૧૩૪ વસુલવા માટે કરેલ છે. આ દરખાસ્ત જે દાખલ કર્યા બાદ આ કામના જે. ડી ને સરનામે નોટીસ કાઢવામાં આવેલ હતી. જેમા આ કામના બેલીફ ના શેરા મુજબ હાલ ના જે.ડી નુ દરખાસ્ત માં જણાવેલ સરનામે મળી આવેલા ના હોય અને ત્યાર બાદ થી સદર દરખાસ્ત જે.ડી નુ નવુ સરનામુ રજુ કરવા પર ચાલતી આવેલ છે. **આજ રોજ પણ ડી.એચ ના વકીલ હાજર છે અને સરનામુ રજુ કરવા માટે રીપોર્ટ આપેલ છે** જે નાંમજુર કરેલ છે. ડી.એચ ને સંખ્યાબંધ મુદતો આપવા છતા જે.ડી નુ સાચુ સરનામુ રજુ કરેલ નથી. જે.ડીના પ્રોપ્રર સરનામા ના અભાવ ના કારણે આજ દીન સુધી નોટીસ બજી શકેલ નથી. જે થી હાલ નો દરખાસ્ત એ જે.ડી નુ નવુ સરનામુ રજુ કરવા ના સ્ટેજ પર દરખાસ્ત દાખલ કર્યો ત્યાર થી ચાલતુ આવેલ છે. આ કામે ડી.એચ ને આ કામ માં અસંખ્ય મુદતો જે.ડી નુ સરનામુ રજુ કરવા માટે આપવામાં આવેલ છે પરંતુ આજ દિન સુધી ડી.એચ એ જે.ડી નુ પ્રોપ્રર સરનામુ રજુ કરેલ નથી. સદરહુ કેસ ડી.એચ ને હાલના દારખાસ્ત નુ સ્ટેજ બદલવામાં અને દારખાસ્ત આગળ ચલાવવામાં કે જે.ડી નુ નવુ અને સાચુ સરનામુ રજુ કરવા અને બજવણી કરવામાં રસ ન હોય તેવુ ફલિત થાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ કમ</u>**

- સદરહુ દરખાસ્ત **"ડીસમીસ ફોર ડીફોલ્ટ"** ચાને કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.
- ખર્ચે અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ–૦૪–૦૧–૨૦૨૩ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૪–૦૧–૨૦૨૩
ગાંધીધામ

( મોહીતકુમાર કિર્તીકુમાર શાહ )
બીજા એડી.સીવીલ જજ અને
જયુડી.મેજી.ફસ્ટ કલાસ,ગાંધીધામ
જી.જે.૦૧૨૦૮

//SELF//